# સામયિક મૂલ્યાંકન કસોટી

**ધોરણ-3** **આસપાસ (પર્યાવરણ)** **તા:-૨૮/૦૯/૨૦૧૯**

**સમય:- ૧ કલાક** **ગુણ -૨૫**

**અ.નિ.** **વિદ્યાર્થીઓ પાણીની જરૂરિયાત , વરસાદ ( વરસાદ સમયના વાદળાં , મેઘધનુષ્યની રચના ), વરસાદથી થતા ફાયદા , નુકસાન વગેરે બાબતો વિશે જાણશે , વર્ણન કરી શકશે.**

**પ્રશ્ન ૧ (અ)** **નીચે આપેલ ખાલી જગ્યા યોગ્ય શબ્દ પસંદ કરી પૂરો.** **(૨)**

(૧) વરસાદ ______________ ઋતુમાં આવે છે.

(૨) ચોમાસાની ઋતુમાં આકાશમાં ________________ રચાય છે.

**પ્રશ્ન ૧ (બ)** **નીચે આપેલા પ્રશ્નોના જવાબ એક-બે વાકયમાં લખો.** **(૪)**

(૧) વાદળાં શામાંથી બને છે ?

(૨) પાણી ન મળે તો આપણને શું તકલીફ પડે ?

(૩) આપણે વરસાદથી બચવા શાનો ઉપયોગ કરીએ છીએ ?

(૪) તમારી નિશાળમાં છોડને કઈ રીતે પાણી પીવડાવો છો ?

**પ્રશ્ન ૧ (ક)** **યોગ્ય રીતે જોડકાં જોડો.** **(૫)**

| (અ) | (બ) |
|---|---|
| (૧) વાદળોનો ગડગડાટ | (અ) સપ્તરંગી |
| (૨) મેઘધનુષ્ય | (બ) ખેતર |
| (૩) આકાશમાં વીજળી | (ક) રેઈનકોટ |
| (૪) વરસાદ | (ડ) પ્રકાશ |
| (૫) વાવણી | (ઈ) ચોમાસું |

**અ.નિ.** **વિદ્યાર્થીઓ તેમનાં રહેઠાણ / શાળાના રસોડામાં બનતી વાનગીઓ, રસોઇનાં વાસણો,ગેસ ,ઈંધણ અને રસોઈ બનાવવાની પ્રક્રિયા વિશે જાણશે.**

**પ્રશ્ન ૨ (અ)** **નીચેના દરેક પ્રશ્નના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધો.** **(3)**

(૧) નીચેનામાંથી કયું સાધન રસોડાનું નથી ?

(અ) તપેલી (બ) કુકર (ક) થાળી (ડ) પક્કડ

(૨) નીચેનામાંથી કઈ વાનગી બાફીને બનાવવામાં આવે છે ?

(અ) રોટલી (બ) પૂરી (ક) ખીચડી (ડ) ભાખરી

(૩) નીચેનામાંથી કઈ વસ્તુ કાચી ખાઈ શકાય તેવી નથી ?

(અ) કાકડી (બ) લીંબુ (ક) બટાકા (ડ) ગાજર

**પ્રશ્ન ૨ (બ)** **યોગ્ય રીતે જોડકાં જોડો.** **(3)**

| (અ) | (બ) |
|---|---|
| (૧) તળીને બનાવી શકાય. | (અ) ખમણ |
| (૨) બાફીને બનાવી શકાય. | (બ) રોટલા |
| (૩) શેકીને બનાવી શકાય. | (ક) ભજીયા |

**પ્રશ્ન ૨ (ક)** **નીચેના પ્રશ્નોના એક બે વાક્યમાં જવાબ આપો.** **(3)**

(૧) તમારા ઘરમાં રાંધવા માટે કયા કયા મસાલાનો ઉપયોગ થાય છે ?
(૨) કુકરમાં શું શું બનાવી શકાય છે ?
(૩) કેરોસીનનો ઉપયોગ શેમાં થાય છે ?

**અ.નિ.** **વિદ્યાર્થીઓ આવાગમનના ( વાહન વ્યવહારનાં ) સાધનો તથા અન્ય સાધનો જેવા કે , એમ્બ્યુલન્સ,પોલીસવાન , ફાયરબ્રિગેડ વાન વિશે માહિતી મેળવશે અને કહી શકશે.**

**પ્રશ્ન 3** **નીચે આપેલા વાહનોનું કોઠામાં વર્ગીકરણ કરો.** **(૫)**

(વિમાન,બળદગાડું,રીક્ષા,મોટરકાર,હેલીકોપ્ટર,ઘોડાગાડી,હોડી,એમ્બ્યુલન્સ,સાઈકલ,જહાજ)

| પૈડાં વગરનાં | બે પૈડાંવાળા | ત્રણ પૈડાંવાળા | ચાર કે તેથી વધારે પૈડાંવાળા |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |

| સડક પર દોડવાવાળા | આકાશમાં ઉડવાવાળા | પાણીમાં ચાલવાવાળા |
|---|---|---|
| | | |
| | | |
| | | |

**મરજિયાત પ્રશ્નઃ**

(૧) નીચેના પૈકી કયો સૌથી મોટો પાણીનો સ્રોત છે?

(અ) તળાવ (બ) નદી (ક) વરસાદ (ડ) કૂવો

## સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ-૪ ગુજરાતી તા. ૨૮/૦૯/૨૦૧૯

સમયઃ ૧ કલાક કુલ ગુણઃ ૨૫

---

**અ.નિ. વાર્તા, ગીતો , કાવ્યો , વર્ણનો ,વાતચીત, સંવાદો, નાટકો અને ઉખાણાં વાંચી અને સમજી શકે છે.**

પ્ર-૧ ‘રાતાં ફૂલ’ એકમના આધારે મને ઓળખો. ૫

૧. હું ડાળ પર બેઠો છું અને મારી ચાંચ લાલ છે.

૨. હું આંગણાનું પક્ષી છું, મારી આંખ રાતી છે.

૩. મારી માંજર લાલ છે, હું કૂકડે કૂક બોલું છું.

૪. મારા ગાલ રાતા છે, હું માતાની કાખે તેડેલું છું.

૫. મારી ચૂંદડીમાં રાતા રંગની ભાત છે.

**અ.નિ. આશરે ૨000 જેટલા શબ્દો સમજી અને શબ્દકોશનો ઉપયોગ કરી શકે છે.**

**પ્રશ્ન-૨** કૌંસમાં આપેલા શબ્દના વિરુદ્ધાર્થી શબ્દ વડે ખાલી જગ્યા પૂરો. ૫

ઉદા. રમેશનો પરિવાર ખૂબ .................... હતો. (દુઃખી)

રમેશનો પરિવાર ખૂબ સુખી હતો.

૧. દિવસે ................નું અજવાળું હોય છે. (ચંદ્ર)

૨. મારા ................આજે આવવાના છે. (ભાભી)

૩. કાબર ................ઉડવા લાગી. (ઝડપી)

૪. ................થતાં મોહને શું વિચાર્યું. (યુવાન)

૫. કલાકાર ................ લાગતો હતો. (હોશિયાર)

**અ.નિ. કાવ્યની અધૂરી પંક્તિ પૂર્ણ કરી શકે છે.**

પ્ર-3 નીચેનાં વાક્યોમાં ખૂટતા શબ્દો મૂકી કાવ્યપંક્તિ પૂર્ણ કરો. ૫

૧. એક બેન માથે સેંથલિયો, સેંથલિયે .................................

૨. એક ઝાડ માથે ઝૂમખડું, ઝૂમખડે .................................

૩. એક નાર માથે ચૂંદલડી, ચૂંદલડીએ .................................

૪. એક પાળ માથે પારેવડું,પારેવડે .................................

૫. એક ડાળ માથે પોપટડો, પોપટડે .................................

**અ.નિ. લિંગ, વચન, કાળ , વિરામચિહ્નો, કક્કાવારીક્રમ અને પ્રત્યયનો સમજપૂર્વક ઉપયોગ કરી શકે છે.**

પ્ર-૪ નીચેનાં વાક્યોમાં આપેલા ખાલી સ્થાનમાં ખૂટતા પ્રત્યયો કૌંસમાંથી શોધીનો લખો. ૫

(નો, થી, ને, ની, માં)

૧. એક દિવસ મોહન ............ રાત્રે સ્વપ્નું આવ્યું

૨. ચોકીદાર ............મૂર્તિ જોઈ ચોર ભાગી ગયા.

૩. દેવદૂત ધીમે.................બોલ્યો.

૪. મોહન મૂર્તિઓ સર્જવા .........નિષ્ણાંત છે.

૫. તેણે દૂતના પગલાં ........... અવાજ સાંભળ્યો.

**અ.નિ. પરિચિત – અપરિચિત પરિસ્થિતિમાં વાતચીત અને સંવાદો સાંભળી અને સમજી શકે છે.**

પ્ર-૫ કલાકારની ભૂલ- પાઠના આધારે નીચેના વાક્યો કોણ બોલતું હશે તે વિચારીને લખો. ૫

૧. મારે એવું કાર્ય કરવું જોઈએ કે જેથી લોકો મને વર્ષો સુધી ન ભૂલે.

૨. મૂર્ખ, મોહન એક જ છે, પણ એ બુદ્ધિશાળી કલાકાર છે અને તું એનાથી બની ગયો છે.

૩. ભાઈ, મોહન તુ ચતુર છે. મૂર્તિઓ સર્જવામાં નિષ્ણાત છે.

૪. શી ભૂલ છે?

૫. જો એ ભૂલ ન હોત તો તારી બધી મૂર્તિઓ જીવંત લાગત.

**મરજિયાત પ્રશ્નઃ**

(૧) નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.

(થાળીમાં, રંગ, મોંમાં, બા,ચોખ્ખા )

બા સીમમાંથી જાંબુ લાવી. જાંબુનો ................... એવો તો મજાનો હતો! બાએ .....................જાંબુ ઠાલવ્યાં. .................પાણીથી જાંબુ ધોઈને મૂક્યાં. જિજ્ઞેશને .................. પાણી આવ્યું, પણ કરે શું ? .............. આપે ત્યારે જ ખવાય ને!

# સામયિક મૂલ્યાંકન કસોટી


**ધોરણ :** 5 | **ગણિત** | **તા.** 28/09/2019

**સમય:** 1 **કલાક** | **કુલ ગુણ:** 25

---


**LO:** **વિવિધ આકારોમાં ભાગ અને પૂર્ણ વિશે જાણે છે.**

1. નીચે આપેલ આકારના કેટલામાં ભાગમાં રંગ પૂરેલ છે? 1




a) $\frac{1}{2}$ b) $\frac{1}{5}$ c) $\frac{1}{6}$ d) $\frac{1}{8}$

2. રેખાંકિત ભાગના આધારે આકૃતિ કયો અપૂર્ણાંક દર્શાવે છે તે લખો. 2



અપૂર્ણાંક: ______.



અપૂર્ણાંક: ______.

3. ₹ 20 ના $\frac{1}{5}$ એટલે કેટલા રૂપિયા? 1

a) 2 b) 4 c) 6 d) 8

4. સમીરા પાસે 20 બોર છે. તેના 4-4 બોરના કેટલા સમૂહ બને? 1

a) 6 b) 5 c) 4 d) 2

5. ધવલભાઇ પોતાની પાસેના કુલ 60 ચીકુ ત્રણ બાળકોને નીચે પ્રમાણે વહેંચે તો, દરેકને કેટલામો ભાગ ચીકુ મળ્યાં, તે અપૂર્ણાંક લખો. 3

| બાળક | ચીકુ | અપૂર્ણાંક |
|---|---|---|
| 1 | 30 | |
| 2 | 20 | |
| 3 | 10 | |

**LO: સમાન અપૂર્ણાંકો વિશે જાણે છે.**

6. નીચેનામાંથી કયો અપૂર્ણાંક $\frac{1}{2}$ ને સમાન અપૂર્ણાંક દર્શાવે છે? 1

a) $\frac{8}{4}$ b) $\frac{4}{2}$ c) $\frac{3}{6}$ d) $\frac{4}{12}$

7. સમાન અપૂર્ણાંકની જોડ બનાવો. 2

$\frac{1}{3}$ = ______

$\frac{6}{12}$ = ______


**LO: આસપાસના પર્યાવરણમાંથી દ્વિપરિમાણીય આકૃતિઓ ઓળખે છે.**


8. E, F, G, H માંથી કયો મૂળાક્ષર અડધો આંટો ફેરવવાથી મૂળ અક્ષર જેવો દેખાય? 1


a) G b) H c) F d) E

9.  ને $\frac{1}{4}$ ભાગ જેટલું ફેરવ્યા પછી કયો આકાર બને? 1

a) 

b) 

c) 


d) 

**LO: અવયવો વિશે જાણે છે.**


10. નીચેનામાંથી 6 ના અવયવો કયા છે? 1

a) 1, 2, 3, 6 b) 1, 6, 12, 24 c) 1, 3, 6, 12 d) 2, 3, 6, 12

11. નીચે વર્તુળમાં યોગ્ય સંખ્યા (અવયવ) મૂકો. 3



12. 12 ના અવયવો વર્તુળ -A માં અને 16ના અવયવો વર્તુળ-B માં લખો અને સામાન્ય અવયવો વચ્ચેના ભાગમાં લખો. 3




**LO: સામાન્ય ગુણકો (અવયવી) વિશે જાણે છે.**

13. 3, 4, અને 6 નો સૌથી નાનો સામાન્ય ગુણક કયો છે? 1

a) 3 b) 4 c) 6 d) 12

14. 7 ના કોઈપણ ચાર ગુણકો લખો. 2

________ ________ ________ ________

15. 2 અને 3 ના સામાન્ય ગુણકો લખો. 2

________ ________ ________ ________

મરજિયાત પ્રશ્ન:

1. એક કેકમાંથી ત્રીજો ભાગ બીનાને આપ્યો અને કેકનો ચોથો ભાગ રમાને આપ્યો. કેટલી કેક બાકી રહે?

# સામયિક મૂલ્યાંકન કસોટી

**ધોરણ**- 6 **ગુજરાતી** તારીખ- 28/09/2019

સમય-1 કલાક કુલ ગુણ- 25

---

અ.નિ. પાઠ્યપુસ્તક અને અન્ય પાઠ્ય સામગ્રી વિશે માહિતી મેળવવા શા માટે ? કેવી રીતે ? જેવા પ્રશ્નો પૂછે અને પ્રશ્નોના જવાબ આપી શકશે.

**પ્રશ્ન -1 પ્રશ્નના ઉત્તર લખો.** (10)

1. રવિશંકર મહારાજના મતે ‘સાચું બહારવટું’ કોને કહેવાય ?
2. ‘આપણે વેંત નમીએ તો કોઈ હાથ નમે’ એટલે શું?
3. ‘પગલે પગલે ‘કાવ્યમાં ‘જીવનપંથ ઉજાળવો’ એટલે શુ?
4. રાજાએ ઝાડુંવાળાની ફાંસી રદ કેમ કરી ?
5. વર્ષાઋતુને ગામડાંનો પ્રાણ કેમ કહે છે ?

અ.નિ. **આશરે ૩૦૦૦ જેટલા શબ્દો સમજી તેનો વ્યાવહારિક ઉપયોગ કરી શકશે.**

**પ્રશ્ન -2 સૂચના મુજબ લખો**

1. શબ્દકોશના ક્રમમાં લખો. (1)

   પાદર, પ્રસ્તુત, અપેક્ષા ,પ્રેમળતા
2. રૂઢિપ્રયોગનો અર્થ આપી વાક્યપ્રયોગ કરો. (2)

   1. માથે ઉપાડી લેવું 2. માંડી વાળવું
3. શબ્દસમૂહ માટે એક શબ્દ લખો. (2)

   1. સવારનો નાસ્તો 2. ઝડપથી ઉકેલી ન શકાય તેવો પ્રશ્ન

અ.નિ. **ઉચ્ચારણ,વિરામચિહ્નો,સંજ્ઞા,નામપદ,ક્રિયાપદ,વિશેષણ,સારાંશલેખન જેવા વ્યાવહારિક વ્યાકરણનો ઉપયોગ કરી શકે છે.**

**પ્રશ્ન -3 વાક્ય વાંચી માગ્યા મુજબ જવાબ લખો.**

**“બાદશાહ સલામત ! આપણા <u>રાજ્ય</u> પર <u>બુંદેલખંડ</u>નો રાજા <u>લશ્કર</u> લઈ ચડી આવ્યો છે”.**

1. વાક્યમાં વપરાયેલ કોઈપણ બે વિરામચિહ્ન ઓળખાવી નામ લખો. (2)
2. લીટી દોરેલી સંજ્ઞાના પ્રકાર ઓળખીને લખો. (3)

અ.નિ. **કોઈ શબ્દ કે વિચાર પરથી ફકરાનું લેખન કરી શકશે**

પ્રશ્ન-4 આ વર્ષે તમારા ગામમાં થયેલ વરસાદ વિશે પાંચ વાક્યો લખો. (5)

મરજિયાત પ્રશ્નઃ

1. **‘દિવાળી’ અને ‘ઉત્તરાયણ’ તહેવારનાં વાક્યો છૂટાં પાડીને લખો.**

કાલે ઉતરાયણ છે. અમે સૌ મિત્રોએ સાથે મળીને માંજો રંગાવ્યો છે. થોડા સમય પહેલાં દિવાળીનો તહેવાર હતો. પતંગને કિન્ના બાંધી તૈયાર રાખી છે. ફટાકડા ફોડવાની મને મજા પડે પણ નાનો ભાઈ તો ઘરમાંથી બહાર જ ન નીકળે. આ તહેવારને મકરસંક્રાતિ પણ કહેવાય. સૌના ઘરે દીવડા પ્રગટાવેલા હોય. આકાશ આખું રંગબેરંગી પતંગોથી છવાઈ જશે. મારી બહેને આંગણામાં રંગોળી પૂરી હતી.

## સામયિક મૂલ્યાંકન કસોટી

**ધોરણ-7** **વિજ્ઞાન** **તારીખ- 28/09/2019**

**સમય – 1 કલાક** **કુલ ગુણ – 25**

---

અ.નિ. **પદાર્થ અને સજીવોને તેમના ગુણધર્મો, રચના અને કાર્યના આધારે જુદા પાડે છે.**

પ્રશ્ન-1 નીચેની લાક્ષણિક્તાને એસિડ, બેઇઝ અને તટસ્થ પદાર્થોમાં વર્ગીકૃત કરો. 3

1. તે સ્પર્શે દાહક હોય છે
2. તે સ્વાદે તુરા હોય છે
3. તેનું દ્રાવણ લાલ કે ભૂરા લિટમસ પત્રમાં રંગ પરિવર્તન કરતું નથી.

અ.નિ. **પદાર્થ અને સજીવોને તેમના ગુણધર્મો / લાક્ષણિક્તાનાં આધારે વર્ગીકૃત કરે છે.**

પ્રશ્ન- 2 નીચેના ફેરફારને ભૌતિક ફેરફાર અને રસાયણિક ફેરફારમાં વર્ગીકૃત કરો 4

1. કાગળને કાપીને વિમાન બનાવવું
2. કોપર સલ્ફેટના વાદળી દ્રાવણમાં લોખંડની ખીલી નાખવાથી થોડા સમય બાદ દ્રાવણનો રંગ લીલો બને છે.
3. ચૂનાના નીતર્યા પાણીમાં $CO_2$ વાયુ પસાર કરતા ચૂનાનું નીતર્યું પાણી દૂધિયું બને છે.
4. બરફને ગરમ કરતા તે પીગળી પાણીમાં ફેરવાય છે.

અ.નિ. **પ્રશ્નના જવાબ મેળવવા સરળ તપાસ હાથ ધરે છે.**

પ્રશ્ન-3 નીચેના પ્રશ્નના જવાબ આપો 4

1. કોઈ ફૂલોના રસને સૂચક તરીકે વાપરી શકાય કે નહિ તે નક્કી કરવા તમે કઈ પ્રવૃત્તિ કરશો.?
2. રેશમનો તાર કેવી રીતે તૈયાર થાય છે તે ટૂંકમાં જણાવો.

અ.નિ. **પ્રક્રિયા અને ઘટનાને કારણો સાથે જોડે છે.**

પ્રશ્ન-4 કારણો આપો. 4

1. દિવસ દરમિયાન દરિયા તરફથી જમીન તરફ પવન વહે છે.
2. ધ્રુવ પ્રદેશનું રીંછ સફેદ વાળ ધરાવે છે.

**અ.નિ.** **પ્રક્રિયા અને ઘટનાને સમજાવે છે.**

પ્રશ્ન- 5 નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ આપો. 8

1. હવામાન અને આબોહવા વચ્ચેનો મૂળભૂત તફાવત આપો
2. પાણી કેવી રીતે ગરમ થાય છે ( ઉષ્માપ્રસરણની રીતને ધ્યાનમાં રાખી જવાબ આપો)
3. લોખંડને કાટ કેમ લાગે છે?
4. MgO ની પાણી સાથેની પ્રક્રિયાથી શું તૈયાર થશે? તેની ચકાસણી તમે કેવી રીતે કરશો?

**અ.નિ.** **રસાયણિક પ્રક્રિયાના શબ્દ સમીકરણ રચે છે.**

પ્રશ્ન-6 નીચેની પ્રક્રિયા પૂર્ણ કરો. 2

હાઈડ્રો ક્લોરિક એસીડ +.............. ⟶ સોડિયમ ક્લોરાઈડ + ...................

<u>**મરજિયાત પ્રશ્નઃ**</u>

1) મહેશ ઉકળતા દૂધનું તાપમાન માપવા ક્લીનીકલ થર્મોમીટરનો ઉપયોગ કરવા માંગે છે. શું તે તેની મદદથી ઉકળતા દૂધનું તાપમાન માપી શકે ? શા માટે ?

# સામયિક મૂલ્યાંકન કસોટી

**ધોરણ-8** **અંગ્રેજી** **તારીખ- 28/09/2019**

**સમય – 1 કલાક** **કુલ ગુણ – 25**

---

**LO** **ચિત્ર, ગ્રાફ, નકશા, વાર્તા અને પરિચ્છેદની વિગતોનું વર્ગીકરણ કરે છે.**

Q-1 Study the graph given (page no. 21) and say whether following sentences are true or false. (5)
(પાના નંબર-૨૧ પર આપેલ ગ્રાફનો અભ્યાસ કરો અને વાક્યો ખરાં છે કે ખોટાં તે કહો.)

1. London is as polluted as New York.
2. Cairo is more polluted than Kolkata but less polluted than Delhi.
3. Kolkata has 15 million population.
4. Maxico City  has less population than Kolkata.
5. Delhi is the most polluted city in the world.

**પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓ માટેઃ (Write a letter to your friend about your visit to the Zoo.)**

**LO** **પોતાના પર્યાવરણની સંદર્ભિત બાબતોની તુલના કરી રજૂઆત કરે છે.**

Q-2 Give the answer in 'Yes' Or 'No'. (આપેલ વાક્યોનો 'હા' કે 'ના' માં જવાબ આપો.) (6)

1. A state is smaller than a district.
2. A country is bigger than a state.
3. A town is larger than a district.
4. A village is the biggest of all.
5. A city is as big as a town.
6. A town is as small as a village.

**LO** **અર્થપૂર્ણ સંદર્ભમાં આપેલા શબ્દો, વાક્યો અને પરિચ્છેદનું મૂકવાચન-અર્થગ્રહણ કરે છે.**

Q-3 Fill in the blanks using appropriate word from the bracket. (4)
(કૌસમાં આપેલ શબ્દનો ઉપયોગ કરી ખાલી જગ્યા પૂરો.)

**[**ordered , ordered ,sat down , were, were, did, savoured , saw,]

We went round and __________ everything. At the other end of the fair, there _________ some fast-food stalls. My friends ____________ pizza and I ____________ a glass of lassi. We ___________ for a while and ____________ the food. There ___________a couple of sweet shops, but we ________not buy any sweets.

**LO** **ઉલટ પ્રશ્નો (Inversion question) પૂછે છે અને તેવા પ્રશ્નોના જવાબ આપે છે.**

Q-4 Answer the questions in 'Yes' Or 'No'based on the letter given in Activity -3. (page no.25-26) (5)
(પાનાં નંબરઃ ૨૫-૨૬ ઉપર પ્રવૃતિ-૩ માં આપેલ પત્ર વાંચી નીચેનાં પ્રશ્નોનાં 'હા' કે 'ના' માં જવાબ આપો.)

1. Did Tina visit trade fair in Vadodara?
2. Did children enjoy at the toy shops in the village fair?
3. Were there large stores in the village fair?
4. Was there entry fee in the trade fair?
5. Did Tina order pizza?

**LO** **લોનવર્ડ્સ સહીત આશરે 500 જેટલા નવા શબ્દો જાણે છે અને તેનો ઉપયોગ કરે છે.**

Q-5 Match ‘A’ with ‘B’ appropriately. (યોગ્ય જોડકાં જોડો.) (5)

| **A** | **B** |
|---|---|
| illuminate | different |
| innovative | burning |
| turned | uneasy |
| bright | far off |
| restless | changed |
| invented | used |
| utilized | created |
| remote | shining |
| scorching | new |
| varied | light up |

**મરજિયાત પ્રશ્નઃ**

1. Fill in the blanks using proper form of the words given.

( invent, generate, get, collect, cause)

Example: Scientists have **generated** electricity from the sun-rays.

1. The strong sun-rays _________ sun-strokes, too.
2. We have __________ many ways of protecting ourselves from the scorching heat.
3. This device ____________ energy from the rays of the sun.
4. We _________ energy from various sources.

પ્રાથમિક શાળાના શિક્ષકો માટે નાની નાની બાબતોનું સંકલન કરતા વોટ્સેપ નંબર- ૯૯૨૫૪૮૩૯૩૮ ને તમારા વોટસેપ ગૃપમાં જોઇન કરવા વિનંતી.

પ્રાથમિક શાળાના શિક્ષકો માટે સંકલન કરેલ વર્ષ-૨૦૧૯/૨૦ના પ્રથમસત્રના યુનિટટેસ્ટ ગમેત્યારે જોઇએ તો ૯૯૨૫૪૮૩૯૩૮ પર વોટસેપ મેસેજ કરી મેળવી શકો. એક દિવસ સુધીમાં ના મળી જાય તો બીજો મેસેજ કરવા વિનંતી.

વર્ષ-૨૦૧૮/૧૯ના પ્રથમસત્રના પરીક્ષાના જૂના સોલ્યુશન પેપર ૯૯૨૫૪૮૩૯૩૮ પર વોટસેપ મેસેજ કરી મેળવી શકો.